પેપર નં. ૧

૧. (અ) (A) નીચેની ખાલી જગ્યાઓ યોગ્ય શબ્દ વડે પૂરો. (૨)

૧. હિટલરે વર્સેલ્સની સંધિને ..... કહી ફગાવી દીધી.

૨. ..... નામના પ્રવાસીએ યુરોપના લોકોને હોકાયંત્રનું જ્ઞાન આપ્યું.

(B) નીચેનાં જોડકાં સાચાં બનાવી તેના ઉપરથી સમયરેખા દોરો. (સ્કેલમાપ : ૧ સે.મી. = ૫ વર્ષ) (૩)

'અ'	'બ'
૧. ઈ.સ. ૧૯૨૦	૧. જાપાને મંચુરિયા પ્રદેશ જીતી લીધો.
૨. ઈ.સ. ૧૯૩૧	૨. રૂઝવેલ્ટ અમેરિકાના પ્રમુખ ચૂંટાઈ આવ્યા.
૩. ઈ.સ. ૧૯૩૩	૩. મુસોલિનીએ ઇટાલીમાં ફાસીસ્ટ પક્ષની સ્થાપના કરી.
	૪. રાષ્ટ્ર સંઘની સ્થાપના કરી.

(બ) નીચેનાં વિધાનોનાં કોઈપણ ત્રણનાં ઐતિહાસિક કારણો આપો. (૬)

૧. ઔદ્યોગિક ક્રાંતિથી કૃષિક્ષેત્રે નવાં પરિવર્તન આવ્યાં.

૨. જકાતધારાએ સંસ્થાનવાસીઓને લડત માટે તૈયાર કર્યા.

૩. જહોન હસનને જીવતો બાળી મૂકવામાં આવ્યો.

૪. બેસ્ટાઈલના કિલ્લાનું પતન થયું.

(ક) નીચેના વિધાનો સમજાવો. (ગમે તે બે) (૩)

૧. વિશ્વયુદ્ધો સામ્રાજ્યવાદની પેદાશ છે.

૨. ઉગ્ર રાષ્ટ્રવાદથી વિશ્વયુદ્ધો થયા.

૩. પ્રથમ વિશ્વયુદ્ધ ૨૦મી સદીની અભૂતપૂર્વ ઘટના ગણાય છે.

(ડ) નીચેનામાંથી કોઈપણ બે ટૂંક નોંધ લખો. (૬)

૧. સોવિયેટ સંઘનું વિઘટન. ૨. ફ્રેન્ચ ક્રાંતિમાં વિચારકોનું પ્રદાન.

૩. 'પ્રતિનિધિત્વ નહીં તો કર નહીં.' સમજાવો.

૨. (અ) (A) નીચેના પ્રશ્નોના એક-બે વાક્યોમાં જવાબ આપો. (૬)

૧. નાઝીવાદનો મુખ્ય પ્રણેતા કોણ હતો.

૨. જેસ્યુઈટ એટલે શું ?

૩. નવજાગૃતિકાળનાં કયા કયા સ્થાપત્યો પ્રખ્યાત હતાં ?

૪. લિયોનાર્દો-દ-વિન્ચીની વિશ્વ વિખ્યાત ચિત્રકૃતિઓ કઈ હતી ?

૫. રૂસો કેવા પ્રકારની નૂતન સમાજ રચનાનો હિમાયતી હતો ?

૬. ફ્રેન્ચ રાજ્ય ક્રાંતિએ જગતને કયા ત્રણ સિદ્ધાન્તોની ભેટ આપી ?

(B) નીચેના શબ્દોની સંકલ્પનાઓ સમજાવો. (૨)

૧. પ્રોટેસ્ટંટ સંપ્રદાય. ૨. નાટો (NATO).

. (બ) નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો. (ગમે તે ત્રણ) (૬)

૧. અમેરિકન સ્વાતંત્ર્ય સંગ્રામનાં મૂળ શી રીતે નંખાયાં ?

૨. ભારતમાં સામ્રાજ્યવાદનો ફેલાવો કઈ રીતે ઝડપી થયો ?

૩. ઇટાલીમાં ફાસીવાદનાં કારણો જણાવો.

૪. દ્વિતીય વિશ્વયુદ્ધના પરિણામો જણાવો.

(ક) નીચેનામાંથી કોઈપણ બે વિધાનોનાં કારણો આપો. (૩)

૧. યુનિસેફ બાળકો માટે દૂધનો પાવડર આપે છે.

૨. ૨૦મી સદીમાં માનવીએ વિશ્વશાંતિ સ્થાપવા નક્કર પ્રયાસો કર્યા.

૩. આજે વધુ વૃક્ષો વાવવાની ઝુંબેશ ચાલે છે.

(ડ) નીચેનામાંથી કોઈપણ એક ટૂંક નોંધ લખો. (૩)

૧. યુનિસેફના વિકાસમાં ભારતનું પ્રદાન. ૨. વિશ્વમાં નિઃશસ્ત્રીકરણની જરૂરિયાત.

૩. (અ) નીચેના પ્રશ્નોના ઉત્તર એક-બે વાક્યમાં લખો. (કોઈપણ ચાર) (૪)

૧. યુનેસ્કોએ માનવ હક્કોમાં કયા કયા હક્કોનો સમાવેશ કર્યો છે ?

૨. પ્રાકૃતિક પર્યાવરણનાં મુખ્ય અંગો કયા કયા છે ?

૩. પંચશીલના કરાર પ્રમાણે ભારતે અને ચીને કઈ બાબતો સ્વીકારી ?

૪. વિશ્વની પ્રાથમિક સમસ્યાઓ કઈ છે ?

૫. વિશ્વમાં કયો દિવસ 'પર્યાવરણ દિન' તરીકે ઉજવવામાં આવે છે ?

(બ) નીચેના પ્રશ્નોમાંથી કોઈપણ ત્રણના સવિસ્તાર ઉત્તર લખો. (૬)

૧. ભારત અને શ્રીલંકા વચ્ચેના સંબંધોની માહિતી આપો.

૨. સંયુક્ત રાષ્ટ્રોનું શું મહત્વ છે ? સમજાવો.

૩. માનવ હક્કો સામે કઈ કઈ સમસ્યાઓ સર્જાઈ છે ?

૪. ધર્મ અને પર્યાવરણ એકબીજા સાથે કઈ રીતે સંકળાયેલા છે ?

(ક) નીચેના શબ્દોમાંથી કોઈપણ પાંચની સંકલ્પના સમજાવો. (૫)

૧. શ્રમ વિભાજન ૨. હૂંડિયામણ ૩. મુક્ત સહાય ૪. માથાદીઠ આવક

૫. સાદું શ્રમ વિભાજન ૬. ઈજારો.

અથવા

(ક) નીચેનાં સાચાં જોડકાં બનાવો. (૫)

'અ'	'બ'
૧. બજારતંત્રને સ્થાન હોતું નથી.	૧. નિરપેક્ષ ગરીબાઈ.
૨. બજારતંત્ર દ્વારા લેવાતો નિર્ણય.	૨. યોજનાનું અમલીકરણ.
૩. વિકસતા દેશોમાં માથાદીઠ આવક.	૩. વધારે હોય છે.
૪. વિકાસશીલ દેશોનું ખાસ લક્ષણ.	૪. લોકતાંત્રિક આયોજન.
૫. આયોજનનો અગત્યનો ઘટક.	૫. ઓછી હોય છે.
	૬. સામ્યવાદી આયોજન.

(ડ) નીચેના પ્રશ્નોમાંથી કોઈપણ પાંચના એક-બે વાક્યોમાં ઉત્તર લખો. (૫)

૧. એડમ સ્મિથે શ્રમ વિભાજનના કયા ત્રણ લાભ દર્શાવ્યા છે ?

૨. વિદેશી સહાય કેટલા પ્રકારની અને કઈ છે ?

૩. શ્રમ વિભાજનનો મુખ્ય લાભ શો છે ?

૪. પરિવર્તન જન્ય બેકારી એટલે શું ?

૫. ભારતની મુખ્ય નિકાસો કઈ કઈ છે ?

૬. કયા પ્રકારની ગરીબાઈ વિકાસશીલ દેશોનું ખાસ લક્ષણ છે ?

૪. (અ) નીચેનામાંથી કોઈપણ ત્રણ વિધાનનાં કારણો આપો. (૬)

૧. વિદેશી સહાયનો અવિચારી ઉપયોગ બોજારૂપ બને છે.

૨. અલ્પ વિકસિત દેશોએ આર્થિક વિકાસ માટે વસ્તી નિયંત્રણ કરવું જોઈએ.

૩. ચોક્કસ સાધનોનાં સંપૂર્ણ અભાવમાંથી આંતરરાષ્ટ્રીય વેપાર ઉદ્‌ભવે છે.

૪. ભારતના અર્થતંત્રને મિશ્ર અર્થતંત્ર કહેવામાં આવે છે.

(બ) (A) નીચેના વિધાનોની ખાલી જગ્યાઓ પૂરો. (૨)

૧. ગુજરાતમાં સૌથી વધુ મગફળી ..... માં પાકે છે.

૨. ભારતમાં સૌથી વધુ ..... કર્ણાટકના કૂર્ગ પ્રદેશમાં થાય છે.

(B) નીચેનામાંથી કોઈપણ એક ઉપર ટૂંક નોંધ લખો. (૩)

૧. કોલસાના પ્રકાર તથા ભારતમાં તેનું વિતરણ.

૨. ભારતનાં વિદ્યુત શક્તિના પ્રકાર અને તેનાં કેન્દ્રો જણાવો.

(ક) નીચેનામાંથી કોઈપણ પાંચના એક-બે વાક્યોમાં ઉત્તર લખો. (૫)

૧. વાહન વ્યવહારના વિકાસ ઉપર કયા પરિબળો કામ કરે છે ?

૨. વિન્ડફાર્મ એટલે શું ? ભારતના કયા રાજ્યોમાં આવેલાં છે ?

૩. પંજાબમાં ગરમ કાપડ ઉદ્યોગનાં મુખ્ય કેન્દ્રો જણાવો.

૪. વસ્તી ગીચતા એટલે શું ?

૫. કૉફીના છોડને મોટા ઝાડની છાયામાં કેમ ઉગાડવામાં આવે છે ?

૬. ગુજરાતનું પ્રથમ ખનીજતેલ ક્ષેત્ર અને સૌથી મોટું ખનીજ તેલ ક્ષેત્ર કયું છે ?

૭. ભારતમાં કયા કયા કાર્યક્રમ દ્વારા વસ્તીની સુખાકારીનો સ્તર ઊંચો લાવવાના પ્રયત્નો થઈ રહ્યા છે ?

(૬) નીચેના શબ્દોમાંથી કોઈપણ ચારની સંકલ્પના સમજાવો. (૪)

૧. ઉચ્ચ પ્રદેશ. ૨. પર્વત. ૩. દ્વિપકલ્પ. ૪. રવિ પાક. ૫. ખાડી.

૫. (અ) નીચેનામાંથી કોઈપણ ચારના સવિસ્તાર ઉત્તર લખો. (૮)

૧. ભારતના રણ પ્રદેશ વિશે માહિતી આપો.

૨. ભારતમાં કૃષિ વિકાસ માટે થઈ રહેલા પ્રયત્નો જણાવો.

૩. ભારતમાં સિમેન્ટ ઉદ્યોગની માહિતી આપો.

૪. માળવાના ઉચ્ચ પ્રદેશની ભૌગોલિક માહિતી આપો.

૫. ભારતમાં કઈ કઈ પદ્ધતિથી ખેતી થાય છે ? તેની માહિતી આપો.

(બ) નીચેનામાંથી ચારનાં ભૌગોલિક કારણો આપો. (૮)

૧. હિમાલયમાંથી નીકળતી નદીઓ બારેમાસ પાણીથી ભરપૂર રહે છે.

૨. પંજાબમાં ઓછો વરસાદ હોવા છતાં ઘઉંનો ભંડાર બન્યો છે.

૩. મેંગ્લોરમાં મુંબઈ કરતાં વધારે વરસાદ પડે છે.

૪. ભારતનો ખેડૂત પ્રારબ્ધવાદી બન્યો છે.

૫. ચાનો પાક પહાડી ઢોળાવો ઉપર ઉગાડવામાં આવે છે.

(ક) નીચેની આઠ વિગતો ભારતના રેખાંકિત નકશામાં દર્શાવો. (૪)

૧. ૧૬° ઉ.અક્ષાંશવૃત. ૨. નીલગીરી પર્વત. ૩. શ્રીનગર ૪. વિશાખાપટ્ટનમ

૫. નર્મદા નદી ૬. ખનીજ તેલ રિફાઈનરીનું એક કેન્દ્ર ૭. શણ ઉદ્યોગનું એક કેન્દ્ર.

૮. દિલ્હીથી કલકત્તા જતો રેલમાર્ગ અને તેના પરનું એક અટક સ્થાન.

૯. ખનીજ તેલ ક્ષેત્ર

* * * * *